PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

| પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૨/ક્વા-૦૧/૧૬-૧૭/ ૭૦૧૬ | તા. ૩૦/૦૭/૧૬ |
|---|---|

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હેમીબેન દેવશીભાઈ,
C/O, લાધાભાઈ બોરસદીયા,
કોઠારીયા રોડ,
બોરસદીયા નિવાસ,
રાજકોટ
મો: ૯૬૨૭૦ ૪૫૬૦૪

**વિષય :-ખેતીવાડી વીજજોડાણ મા ટીસી બદલી આપવા બાબત**
સંદર્ભ:- આપની અરજી , તા. ૨૧-૦૬-૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૨/ક્વા-૦૧/૧૬-૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ , રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૨/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૭–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: હેમીબેન દેવશીભાઈ,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :બી.આર.વડાવીયા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ

---

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ મા ટીસી બદલી આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ: ત્રંબા ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૦૪૧૨/૦૦૨૭૪/૪ ના ખેતીવાડી વીજગ્રુપ નુ હૈયાત ટ્રાન્સફોર્મર બદલાવી અને નવુ ટ્રાન્સફોર્મર લગાડયા પછી પણ, તેઓના ખેતીવાડી વીજજોડાણ ને લો વોલ્ટેજ થી વીજપુરવઠો મળવાની સમસ્યા કાયમ રહેલ છે. જેથી, આ બાબતે યોગ્ય કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના ગામ: ત્રંબા ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૦૪૧૨/૦૦૨૭૪/૪ ના ખેતીવાડી વીજગ્રુપ ના હૈયાત ટ્રાન્સફોર્મર પર, ફરીયાદી અરજદાર ના પ્રતિનીધી શ્રી પોપટભાઈ ઠાકરશીભાઈ સોલંકીની હાજરી મા, તેમજ અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજગ્રુપ ના અન્ય ૦૩ ગ્રાહકો (૧) શ્રી હરજીભાઈ લાલાભાઈ પાનસુરીયા (૨) તેજાભાઈ ઠાકરશીભાઈ (૩) સુરજીભાઈ જાદવભાઈ (૪) શ્રી દામજીભાઈ જાદવભાઈ ની હાજરી મા, તા.૦૭–૦૭–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંઘક કચેરી ના જુનીયર ઈજનેર તેમજ લાઈનમેન શ્રી એ, સ્થળ ની રૂબરૂ મુલાકાત લઈ, અને અરજદાર ના સ્થાપન પર, વોલ્ટેજ ની પરીસ્થિતી ની ચકાસણી કરતા, ત્રણેય ફેઇઝ મા, પુરતા વોલ્ટેજ મળી રહેતા હોવાની બાબત જણાયેલ હતી. આમ, અરજદાર ના સ્થાપન પર ના ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ના, ત્રણેય ફેઇઝ મા પુરતા વોલ્ટેજ મળી રહેતા હોવાની વિગત, તા.૦૭–૦૭–૧૬ ના રોજ ની ચેકીંગ શીટ નં. ૫૦૮૯૬૫ મા, અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી પોપટભાઈ ઠાકરશીભાઈ સોલંકી ની, સંમતીદર્શક સહી સાથે ની નોંઘ મુજબ લખવામા આવેલ છે. તદઉપરાંત, જોડાણ પર પુરતા વોલ્ટેજ મળતા હોવાની બાબતે, પીજીવીસીએલ ની સબંઘક કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી, સવાલવાળા જોડાણકાર એવા અરજદાર ના પ્રતિનીઘી એવા શ્રી લાઘાભાઈ બોરસદીયા સાથે પણ ટેલીફોનીક ચર્ચા સાથે ની માહિતી આપવામા આવેલ હતી. ફરીયાદી અરજદાર ના પ્રતિનીઘી એવા શ્રી લાઘાભાઈ બોરસદીયા એ પણ સદર ખેતીવાડી વીજગ્રુપ અને જોડાણ મા વોલ્ટેજ ઘટનો કોઈ પ્રશ્ન ન હોવાની બાબત ને મૌખીક સમર્થન આપેલ હતુ. આમ, ફરીયાદી અરજદાર ની સવાલવાળી, વોલ્ટેજ ઘટની બાબત ને, યોગ્ય તાંત્રીક સમર્થન મળેલ નથી. પરંતુ, જોડાણ મા પુરતા વોલ્ટેજ થી વીજપુરવઠો મળી રહે છે, તે મુજબ નુ સમર્થન મળેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને,પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના સ્થાપન પર, સબંઘક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર અધિકારીએ, અરજદાર શ્રી ના પ્રતિનીઘી તેમજ, સદર ખેતીવાડી વીજગ્રુપ ના અન્ય ૦૩ ગ્રાહકો ને સાથે રાખીને, તા.૦૭–૦૭–૧૬ ના રોજ, અરજદાર ના જોડાણ મા તેમજ સદર ખેતીવાડી વીજગ્રુપ ના અન્ય જોડાણો મા, મળતા વોલ્ટેજ ની સ્થિતી ની ચકાસણી કરતા, અરજદાર ના જોડાણ મા પુરતા વોલ્ટેજ મળી રહેતા હોવાની બાબત ને તાંત્રીક સમર્થન મળેલ છે. આ બાબત ને અરજદાર ના પ્રતિનીઘી શ્રી એ પણ સ્વીકારી, અને તેમના જોડાણ મા હવે વોલ્ટેજ ઘટ નો કોઈ પ્રશ્ન ન હોવાની બાબત નુ સ્પષ્ટીકરણ કરેલ છે. આમ, અરજદાર ના જોડાણ મા વોલ્ટેજ ઘટનો કોઈ પ્રશ્ન નથી. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજગ્રુપ મા વોલ્ટેજ ઘટનો કોઈ પ્રશ્ન ન હોવા બાબતે ની સ્પષ્ટતા, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી તેમજ, સદર ખેતીવાડી વીજગ્રુપ ના અન્ય ૦૩ ગ્રાહકો એ, સદર સ્થળ ના તા.૦૭-૦૭-૧૬ ના સ્થળ ચકાસણી અહેવાલ મા, તેઓની સહી સાથે રજુ કરેલ છે. તેમજ, અરજદાર શ્રી ના રાજકોટ ખાતે ના પ્રતિનીધી શ્રી એ પણ, સદર જોડાણ મા, વોલ્ટેજ ઘટ નો કોઈ પ્રશ્ન રહેતો ન હોવા બાબતે પણ પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર ઈજનેર સાથે, ટેલીફોનીક વાતચીત દરમ્યાન સ્પષ્ટતા આપેલ છે. આમ, અરજદાર ના જોડાણ મા વોલ્ટેજ ઘટનો કોઈ પ્રશ્ન નથી. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક પંચની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\RRC JUDGE\2016\22 JUL 16.doc